નં.જમીન/૪/તબદીલ/૧૫૦૩/૨૦૧૩

કલેકટર કચેરી,
મહેસુલ શાખા,
ભાવનગર.
તા.૧૬/૬/૨૦૧૪

વિષય:- ભરૂચ જિલ્લાના ભાડભુત ગામ પાસે બેરેજની પથરેખામાં ડાબી બાજુએ એપ્રોચ રોડ બનાવવા માટે વન વિભાગની સંપાદન કરવાની થતી જમીનના બદલામાં વળતર વની કરણના હેતુ માટે <u>વહીવટી હુકમ-૩ હેઠળ જમીન તબદીલ કરવા બાબત</u>

જેસર તાલુકાના મોજે- ટોળ સલડી ચોટલી, ના સ.નં. ૮૭-અ, પૈકી ૧ ની જમીન માંથી ૩૧-૪૦-૦૦ ચો.મી

વંચાણે લીધા:- (૧) ગુજરાત જમીન મહેસુલ નિયમ-૧૯૭૨ ના વહીવટી હુકમ નંબર-૩
(૨) અત્રેના હુકમ ક્રમાંક જમીન-૪/૧૧૬૪/૨૦૧૩, તા.૩૧/૫/૨૦૧૪.
(૩) નાયબ કલેકટરશ્રી, મહુવાના પત્ર નં. જમીન/વશી/૨૨૬/૨૦૧૪, તા.૨૨/૬/૨૦૧૪

COLLECTOR OFFICE-BHAVNAGAR
सत्यमेव जयते
કલેક્ટર કચેરી-ભાવનગર

કાર્યપાલક ઈજનેરશ્રી, ખંભાતના વિકાસની પરિયોજના (જ.સ.) અમલીકરણ એકમ -૨ દ્વારા ભરૂચ જિલ્લાની ભાડભુત ગામ પાસે બેરેજની પથરેખામાં ડાબી બાજુએ એપ્રોચ રોડ બનાવવા ઉપયોગમાં લેવાનાર વન વિભાગની જમીનના બદલામાં વળતર વનીકરણ માટે ૩૧.૪૦ હેકટર જમીન વન વિભાગને તબદીલ થવા દરખાસ્ત કરવામાં આવેલ છે. આ માંગણી અન્વયે પાલીતાણા તાલુકાના શેવડીવદર ગામના સ.નં. ૨૧૭ પૈકી ૧ ની પસંદ કરવામાં આવેલ જમીન સરકારશ્રીના મ.વિના તા.૧૦/૫/૨૦૧૩ ના મંજુરી ઠરાવ ક્રમાંક જમન/૫૪૨૦૧૩/૫૭૩/અ ની મંજુરી અનુસાર આ કચેરીના ત.૩૧/૫/૨૦૧૩ ના હુકમ ક્રમાક જમીન /વશી/૧૧૬૪/૨૦૧૩ થી વળતર વનીકરણના હેતુ માટે વર્ગફેર (તબદીલ) કરવામાં આવેલ છે. આ તબદીલ કરાયેલ જમીનમાં ખાનગી ખાતાની જમીનો આવેલ હોય અને ખાનગી જમીનોની રેકર્ડ દુરસ્તી થયેલ નહીં હોય સ્થળ સ્થિતીએ ખાનગી ખાતેદારોના વાંધા અને કબજાની વિગતથી જમીનનો કબજો વન વિભાગને સોંપી શકાયેલ નથી. સદરહું પરિયોજના ખુબ મહત્વની હોય આ માટે તાત્કાલીક જમીન ઉપલબ્ધ કરવા સચિવશ્રી (કલ્પસર) નર્મદા જ.સ. ,પા.પુ,અને કલ્પસર વિભાગ, ગાંધીનગર તરફથી સુચનાઓ થઈ આવેલ છે. સરકારશ્રીની મહત્વની જાહેર હેતુ માટેની પરિયોજના માટે તાત્કાલીક જમીનની માંગણીને ધ્યાનમાં લેતાં અન્ય જમીનના વિકલ્પો ચકાસતા નાયબ કલેકટરશ્રી મહુવા મારફતેની તપાસ તજવીજમાં જેસર તાલુકાના ટોળ સલડી ચોટલી ગામના સ.નં. ૮૭-અ પૈકીની હે.૩૧-૪૦-૦૦ ચો.મી જમીન તબદીલ કરવા વંચાણે લીધા-(૩) ના ક્રમાંકથી દરખાસ્ત રજુ થયેલ છે.

સબબ, જેસર તાલુકાના ટોળ સલડી ચોટલી ગામના સરકારી પડતર સ.,નં. ૮૭-અ પૈકી ૧ ની કુલ જમીન હે.૨૫૯-૮૭-૦૨ માંથી સામેલ વીલેજ મેપમાં અંકિત કર્યા મુજબની હે.૩૧-૪૦-૦૦ ચો.મી જમીન ભરૂચ જિલ્લાના ભાડભુતગામ પાસે બેરેજની પથરેખામાં ડાબી બાજુએ એપ્રોચ રોડ બનાવવાના કામે વન વિભાગની સંપાદન કરવાની થતી જમીનના બદલમાં વળતર વનીકરણના હેતુ માટે ગુજરાત જમીન મહેસુલ નિયમો-૧૯૭૨ ના વહીવટી હુકમ નં-૩ નીચે મળેલ સત્તાની રૂએ

TRUE COPY
ASSISTANT ENGINEER
PROJECT IMPLIMENTATION UNIT-2,
VADODARA.

નીચે જણાવેલ શરતોને આધીન રાજ્ય સરકારના વન અને પર્યાવરણ વિભાગ હસ્તે નાયબ વન સંરક્ષકશ્રી, વન વિભાગ ભાવનગરના નામે તબદીલ કરવા આથી હુકમ કરવામાં આવે છે અને વંચાણે લીધા-૨ ના હુકમ આથી રદ કરવામાં આવે છે.

ચર્તુસીમા

પુર્વ- સર્વેનંબર ૩૬ ની ખેતીની જમીન

પશ્ચિમ - સ.નં. ૮૭-અ પૈકી ૧ ની બાકી રહેતી સરકારી પડતર ખુલ્લી જમીન

ઉત્તરે - છાપરીયાળી ગામનો સીમાડો તથા સ.નં.૮૭ -અ પૈકીની ૧ ની બાકી રહેતી ખુલ્લી જમીન તથા સ.નં. ૩૭ ની જમીન

દક્ષિણે - સ.નં. ૩૩ અને સ.નં. ૩૪ ની જમીન

:::શરતો:::

(૧) સવાલવાળી જમીન "શ્રી સરકાર " તરીકે રહેશે.

(૨) પ્રશ્નવાળી જમીન જે હેતુ માટે આપવામાં આવેલ છે. તે હેતુ માટે જ તેનો ઉપયોગ કરવાનો રહેશે.

(3) સવાલવાળી જમીનની માપણી કા.ઈ.શ્રી. ખંભાતના વિકાસની પરિયોજના (જ.સ.) યોજના અમલીકરણ એકમ-૨, વડોદરા તેમજ વન વિભાગે સંયુક્ત રીતે કરાવી લેવાની રહેશે.

(૪) સવાલવાળી જમીનનો વન વિભાગ તરફથી ઉપયોગ કરવામાં ન આવેતો જમીન મહેસુલ વિભાગ હસ્તક પરત લેવામાં આવશે.

(૫) ગ્રામ લોકોને ઢોર ચરાવવાનો હક રહેશે.

(૬) જમીન ફાળવણીની સરકારશ્રીની વખતો વખતની નિતી બંધન કર્તા રહેશે. સરકારને જરૂર જણાય તો જમીન પરત લઈ શકાશે.

રવાના કર્યું

ચીટનીશ ટુ કલેકટર

ભાવનગર

COLLECTOR OFFICE-BHAVNAGAR
सत्यमेव जयते
કલેકટર કચેરી-ભાવનગર

સહી-(પી.કે.સોલંકી)

કલેકટર

ભાવનગર જિલ્લો

ભાવનગર

નકલ રવાના:-

(૧) કાર્યપાલક ઈજનેરશ્રી,
ખંભાતના અખાતના વિકાસની પરિયોજના (જ.સ.),
યોજના અમલી કરણ એકમ-૨,
વડોદરા.

(૨) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, ભાવનગર.

(3) નાયબ કલેકટરશ્રી, મહુવા.

(૪) નાયબ વન સંરક્ષકશ્રી, વન વિભાગ,
બહુમાળી ભવન, ભાવનગર.

| | |
|---|---|
| S.E. | |
| E.E. 1 | |
| E.E 2 | |
| S | |
| Dy A | |
| BRANCH | PB-4, J.h. |
| INWARD No. | 367 |
| DATE | 26/06/14 |

TRUE COPY

ASSISTANT ENGINEER
PROJECT IMPLIMENTATION UNIT-2,
VADODARA

(૫) ડી.આઈ.એલ.આર.શ્રી, ભાવનગર.

સવાલવાળી મોજે- ટોળ સલડી ચોટલી ગામના સ.નં. ૮૭-અ પૈકી ની સરકારી પડતર જમીન કાર્યપાલક ઈજનેરશ્રી, ખંભાતના અખાતના વિકાસની પરિયોજના (જ.સ.) યોજના અમલીકરણ-૨, વડોદરા તેમજ નાયબ વન સંરક્ષકશ્રી, વન વિભાગ ભાવનગરને સાથે રાખી માંગણીવાળી જમીનની માસ-૧ માં સરકારી ખર્ચે માપણી કરાવી રેકર્ડ દુરસ્તી થવા સારૂ.

(૬) મામલતદારશ્રી, જેસર.

આ હુકમ મુજબ અમલવારી કરી, માંગણીવાળી જમીનના સ્થળે કબજા સુપરત કરવા અને સદરહું હુકમની ગામ દફતરે નોંધ કરાવી પ્રમાણિત નક્શા તથા દુરસ્ત ગામ રેકર્ડના આધારો અત્રેને મોકલી આપવા સારૂ.

(૭) તાલુકા વિકાસ અધિકારીશ્રી, જેસર.

(૮) તલાટી કમ મંત્રીશ્રી, ટોળ સલડી ચોટલી

<u>નકલ સવિનય રવાનાઃ-</u>

સેકશન અધિકારીશ્રી,
મહેસુલ વિભાગ, અ શાખા,
સચિવાલય ગાંધીનગર.

----જાણ થવા સારૂ.

TRUE COPY

ASSISTANT ENGINEER
PROJECT IMPLIMENTATION UNIT-2,
VADODARA.